# શાળાના શૈક્ષણિક સમય દરમિયાન અનિયમિત રહેતા શિક્ષકોની હવે ખેર નથી

## પ્રાથમિક શિક્ષણના અધિકારીઓ શાળાઓમાં આકસ્મિક તપાસ કરશે

ગાંધીનગર તા ૮

પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને પાયાનું શિક્ષણ આપવામાં આવે છે જ્યારે જીવન ઘડતર અને તંદુરસ્ત સમાજની રચના માટે પ્રાથમિક શિક્ષણ મહત્વનું પુરવાર થાય છે રાજ્યની શાળાઓમાં શિક્ષકની હાજરી અને નિયમિતતા અંગે તપાસ કરવામાં આવશે જિલ્લાની શાળાઓમાં પણ શિક્ષકો ઓનલાઈન હાજરી પુરાવી શિક્ષણ ને કોરાણે મૂકી અન્ય કામે લાગી જતાં હોવાની ફરિયાદો ઉઠે છે આવા સંજોગોમાં હવે જિલ્લાની પ્રાથમિક શાળઓમાં શિક્ષકો ની હાજરી અને નિયમિતતા અંગે આકસ્મિક તપાસ કરવામાં આવશે

પ્રાથમિક શાળાના શિક્ષકો શાળાના શૈક્ષણિક કામકાજ દરમિયાન કોઈપણ અંગત કામ કે કારણોસર કલાસરૂમ નહી છોડવાનું અનિવાર્ય અને ફરજિયાત છે પરંતુ કોઈ શિક્ષકને શાળાના કે સરકારી કામથી બહાર જવાનું થાય તેવા સંજોગોમાં પણ રજીસ્ટરમાં ફરજિયાત નોંધ કરવી પડશે . જ્યારે શાળામાં તપાસના અંતે કોઈ શિક્ષક ગેરહાજર કે અનિયમિત હોવાનું સામે આવે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે જિલ્લા કચેરીને સત્તાવાર દરખાસ્ત આપવાની તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને તાકીદ કરવામાં આવી છે શિક્ષકની અનિયમિતતાના કિસ્સામાં કોઈ કાર્યવાહી ન કરવામાં આવી હોવાનું સ્પષ્ટ થશે તો પ્રાથમિક શિક્ષણાધિકારી જવાબદાર બનશે તેમ પણ શિક્ષણ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે હવે ટીપીઈઓ અને બીઆરસી દ્વારા શાળામાં આકસ્મિક તપાસ હાથ ધરીને પ્રાથિમક શિક્ષકોની હાજરી, ગેરહાજરી સહિતની માહિતી લેવામાં આવશે જ્યારે આ મામલે જિલ્લાની કચેરી પર રિપોર્ટ સુપ્રત કરવો પડશે

પ્રાથમિક કક્ષાએ શિક્ષણમાં સઘન સુધારા કરવા માટેના પગલા અંતર્ગત જ પ્રાથમિક વિભાગના શિક્ષકો શાળામાં પૂરતી હાજરી આપીને વિદ્યાર્થીઓના અભ્યાસ તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે તે મામલે તંત્ર વધુ સજાગ થયું છે પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અનિયમિત હાજરી ઉપરાંત શાળામાં શિક્ષણ કાર્યમાં જોડાયેલા રહેવાના બદલે ઓનલાઈન હાજરી ભરીને ફરજ પર ન રહેતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે જેને અનુલક્ષી પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ બ્લોક રિસોર્સ કો ઓર્ડિનેટર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવશે.




શહેરના સેકટરોમાં હરિયાળી નિખારતા ઉદ્યાનોનુ પણ કોર્પોરેશન દ્વારા તબક્કાવાર નવિનીકરણ કરવામાં આવ્યુ છે. સેકટરવાસીઓને હળવાશની પળો માંણવા માટે ઉદ્યાનોમાં નિખાર લાવવા તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે આ સ્થિતિ વચ્ચે બગીચાઓમાં રમત ગમતના સાધનો પણ સલામત રહેતા નથી સે-૨૩ શોપિંગ સામે સ્થિત બગીચામાંથી હીંચકો નિકળી જતા હવે ટાયરનો જુગાડ કરી બાળકો આનંદ કરે છે.

# GMERS મેડિકલ કોલેજનો ફી વધારો મોકૂફ રખાયો

### વાલીઓના વિરોધ બાદ ફી વધારો મોકૂફ રખાયો છે ૧૩ GMERS કોલેજની ૨૧૦૦ બેઠક પર ફી વધારો કરાયો હતો

ગાંધીનગર તા ૮

મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. વાલીઓના વિરોધ બાદ GMERS મેડિકલ કોલેજનો ફી વધારો મોકૂફ રખાયો છે. સરકારી ક્વોટામાં ૬૬.૬૬ ટકાનો ફી વધારો કરાયો હતો. જે વાલીઓના વિરોધ બાદ ફી વધારો મોકૂફ રખાયો છે. ૧૩ GMERS કોલેજની ૨૧૦૦ બેઠક પર ફી વધારો કરાયો હતો.

રાજ્ય સરકારની ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી (GMERS) હેઠળ ખાનગી અને અર્ધસરકારી એવી ૧૩ મેડિકલ કોલેજોની MBBS કોર્સની ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ની ફીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે ૧૭ લાખ, સરકારી ક્વોટાની બેઠકો માટે ૫.૫૦ લાખ તથા NRI ક્વોટાની બેઠકો માટે ૨૫ હજાર યુએસ ડોલર ફી નક્કી કરવામાં આવી હતી.

# નવા સદસ્ય નિવાસની બાંધકામ સાઈટ પર કમિટીના સભ્યોની સ્થળ મુલાકાત

### સે-૧૭માં નિર્માણ પામતા નવા સદસ્ય નિવાસ સંદર્ભે એમ.એલ.એ.ની કમિટીએ સાઇટની રૂબરૂ મુલાકાત લઇ કામગીરી અંગે જાણકારી મેળવી જરૂરી સુચનો કર્યા : યોજના વચ્ચેના ભાગમાં ખુલ્લી જગ્યા મળે, આંતરિક રસ્તાઓને પહોળા કરવા પણ સુચવ્યુ



ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં સે-૧૭ માં નવા સદસ્ય નિવાસ બાંધવાની યોજનાનુ કામ ચાલી રહ્યુ છે. યોજના સંદર્ભે પ્રાથમિક તબક્કે જુના અને જોખમી આવાસોનો કડુસલો કરી જગ્યા ખુલ્લી કરવામાં આવ્યા બાદ હાલ વિવિધ બ્લોકના પાયાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે જયારે આ યોજનાને અનુલક્ષી આજે સદસ્યોની કમિટીના સભ્યોએ સ્થળ મુલાકાત લીધી હતી. આ દરમિયાન માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં પ્રોજેકટની કામગીરી કેટલી થઈ તે અંગે જાણકારી મેળવી જરૂરી સુચનો કર્યા હતા જેમાં યોજના અન્વયે વચ્ચે ખુલ્લી જગ્યા મળે તેમજ આંતરિક માર્ગો પણ પહોળા કરવા સહીતના સુચનો પણ સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યા હતા. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે પણ આ તબક્કે મુલાકાત લઈને નવા સદસ્ય નિવાસની યોજના સંદર્ભે જરૂરી સુચનો કર્યા હતા.

ગાંધીનગરના સેકટરોમાં એકબાજુ જુના અને જોખમી મકાનો તોડીને કર્મચારીઓ માટે નવા સુવિધાયુક્ત આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે ચુંટાયેલા જન પ્રતિનિધિ માટે પણ નવા સદસ્ય નિવાસ બાંધવાની યોજનાનુ કામ હાલ પ્રગતિ હેઠળ છે. સે- ૧૭ માં જયાં અગાઉ જુના એમ એલ એ કવાટર્સ હતા. ત્યાં નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. આ યોજના અન્વયે અગાઉ જોખમી જુના બ્લોક તોડીને હવે નવેસરથી નવા અને સુવિધાયુકત સદસ્ય નિવાસ બાંધવાની યોજના પર કામ હાથ ધરવામાં આવ્યુ છે. નવા સદસ્ય નિવાસની

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોમાં ૧૫૦ કિ.મી. વિસ્તારમાં નવી ગટર લાઈન નાંખવામાં આવી

### જુના સેકટરોમાં ૬૦ ટકા કામ પુર્ણ : હવે ઘરોમાં જોડાણ આપવાની કામગીરી હાથ ધરાશે : જુની લાઇન સામે ૨૦૦ થી ૬૦૦ ડાયામીટરની નવી લાઇન નાંખવામાં આવી છે : પ્રોજેક્ટ પુર્ણ થતા હજુ સમય લાગશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરમાં હાલ મુખ્યમાર્ગ વચાળે મેટ્રો રેલ પ્રોજેકટનુ કામ ધમધમી રહ્યુ છે. જયારે સેકટરોના વિસ્તારમાં પાણી ગટરની નવી લાઈન નાંખવાનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. શહેરના જુના સેકટરોમાં અત્યાર સુધી નવી ગટર લાઈન નાંખવાની ૬૦ ટકા કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જુના સેકટરોમાં અંદાજિત ૧૫૦ કી મી વિસ્તારમાં ૨૦૦ થી ૬૦૦ ડાયામીટરવાળી લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. ઘરોને જોડાણ આપવા માટે પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જો કે હજુ આ કાર્યયોજના પુર્ણ થતા સમય લાગે તેમ છે.

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે અનેકવિધ નવા પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં માળખાગત સુવિધાઓને પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે. શહેરમાં દાયકાઓ જુની પાણી ગટરની લાઈન હાલની વસતી અને વિકાસની સાપેક્ષમાં સક્ષમ ન હોવાનુ સ્પષ્ટ થતા હવે નવી નાંખવામાં આવી રહી છે. કરોડો રૂપિયાના ખર્ચે હાથ ધરાયેલા આ પ્રોજેકટના અંતે શહેરીજનોને મીટર પધ્ધિતથી ૨૪ કલાક પાણી સપ્લાય કરવામાં આવશે જયારે બીજીતરફ વર્ષો જુની ગટર લાઈન પણ સેકટરવાસીઓ માટે સમસ્યારૂપ બની છે. જેના લીધે સેકટરોમાં છાશવારે ગટરો ઉભરાવાની ફરિયાદોનો અંત આવતો નથી. આવા સંજોગોમાં શહેરના સેકટરોમાં ગટર લાઈનનુ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે સાંકડા ડાયામીટરવાળી લાઈન દુર કરીને મોટાડાયામીટરની લાઈન નાંખવાનુ કામ શરૂ કરાયુ છે. શહેરના જુના સેકટરોમાં ગટર લાઈન નાંખવાની કામગીરી અત્યાર સુધી ૬૦ ટકા જેટલી પુર્ણ થઈ ગઈ છે. શહેરના સે- ૧૪ થી ૩૦ માં ૨૦૦ થી ૬૦૦ ડાયામીટરની ક્ષમતાવાળી નવી લાઈન નાંખવામાં આવી રહી છે. અત્યાર સુધી ૧૫૦ કી મી વિસ્તારમાં નવી લાઈનનુ નેટવર્ક પથરાઈ ગયુ છે. મોટાડાયામીટર ધરાવતી મુખ્ય લાઈનની કામગીરીના અંતે ઘરોમાં જોડાણ આપવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જો કે હજુ જુના સેકટરોમાં કામ પુર્ણ થતા સમય લાગશે જયારે નવા સેકટરોમાં પણ હજુ નવી લાઈન સંદર્ભે કામગીરી હાથ ધરવામાં આવશે. જો કે હાલ વરસાદી દિવસોમાં ખોદકામ બંધ કરવામાં આવ્યુ છે જેના લીધે કામગીરી પણ મંદ પડી ગઈ છે. શહેરના સેકટરોમાં પાણી ગટરની

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ -સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે હેલિકોપ્ટર સેવા શરૂ કરાશે

### ગુજરાતના નાના શહેરો પણ હવાઈ સેવાથી જોડાશે : વડોદરા-રાજકોટ અને અમદાવાદ-ભાવનગર વચ્ચે વિમાની સેવા શરૂ કરવાનો નિર્ણય કરાયો છે

ગાંધીનગર તા ૮

ગુજરાતમાં રાજ્યનાં નાના શહેરોને મેગાસીટીથી જોડવા માટે વિવિધ હવાઈ સેવાઓ શરૂ કરવામાં આવશે. જેમાં અમદાવાદ, વડોદરાથી હવાઈ સેવા સાથે જોડવામાં આવશે. અમદાવાદ -કેશોદ, અમદાવાદ- પોરબંદર, અમદાવાદ -અમરેલી, અમદાવાદ -રાજકોટ અને વડોદરા- ભુજ, વડોદરા- પોરબંદર, વડોદરા- કેશોદ, વડોદરા- રાજકોટ અને અમદાવાદ-ભાવનગર વચ્ચે વિમાની સેવા શરૂ કરવાનો નિર્ણય કરાયો છે.

અમદાવાદ- અંબાજી અને અમદાવાદ -સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવશે. અત્રે જણાવીએ કે, રાજ્ય સરકારની વી જી એફ યોજના હેઠળ નવા ફ્લાઈટ ઓપરેશન શરૂ કરવા માટે ટેન્ડર બહાર પડ્યા છે. થોડા દિવસ અગાઉ સુરત ડાયમંડ બુર્સના સભ્યોએ અમેરિકા, લંડન, સિંગાપોર, બેંગકોક માટે સાપ્તાહિક ફ્લાઈટ શરૂ કરવા માટેની કેન્દ્રીય ઉડ્ડયનમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને રજૂઆત કરી હતી. જને લઈ સુરત એરપોર્ટ પરથી દુબઈ અને હોંગકોંગ માટે ફ્લાઈટ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. આગામી ડિસેમ્બર અથવા જાન્યુઆરી મહિનાથી આ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ થઈ જશે. આ ફ્લાઈટ શરૂ થયા બાદ હીરાના વેપારીઓને મોટો ફાયદો થશે.

# શહેરમાં યુવકનું અપહરણ કરી ગોંધી રાખતા ફરીયાદ

### સોલા નોંધાવેલી ફરીયાદ પરત ખેંચવા માટે યુવકને ધમકી આપી, સુરત શખ્સ સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ

ગાંધીનગર, તા.૮

તાજેતરમાં નિવૃત આઈપીએસ અધિકારી જેબલિયાના દિકરા સામે હાઈકોર્ટમાં બોગસ સ્ટે ઓર્ડર બનાવી રૂ.૫ લાખ પડાવી લેવા મુદ્દે કેટરીંગના વેપારીની ફરીયાદ સોલા પોલીસ મથકે નોંધાઈ હતી. આ પ્રકરણમાં સુરતના વિપુલ મેદપરાએ વેપારીનું અપહરણ કરી ગાંધીનગરના એક બંગ્લોઝમાં ગાંધી રાખી રિવોલ્વર તાકીને ફરીયાદ પરત ખેંચી લેવા ધમકી આપતા વેપારીએ સુરતના શખ્સ સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના કુબેરનગર ખાતે રહેતા દિનેશ ખુશાલભાઈ રાણા એ ગત તા.૧૫ એપ્રિલ થી તા. ૩૦ મે ૨૦૨૩ સુધીમાં તેમના મિત્ર સામે પોલીસ અટકાયતી પગલા ન ભરે તે માટે ગુજરાત હાઈકોર્ટમાંથી સ્ટે ઓર્ડર આપવાનું કહી રૂપીયા પાંચ લાખ જેટલી રમક પડાવી લીધા બાદ ગુજરાત હાઈકોર્ટમાંથી કોઈ ઓર્ડર ન થયો હોવા છતા ખોટો ઓર્ડર બનાવી રૂબરૂ તેમજ વોટસએપ મારફતે મોકલી આપી વિશ્વાસઘાત કર્યો હતો. જેને પગલે સોલા પોલીસ મથકે ૩૧ મે ના રોજ અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીને પગલે તા.૮ જુન ના રોજ સુરત રહેતા વિપુલ મેદપરાએ ફોન કરી દિનેશભાઈને ઈન્ફોસીટી ખાતે બોલાવ્યો હતો. જેથી દિનેશભાઈ ઈન્ફોસીટી ખાતે પહોંચતા વિપુલે ગાડીમાં બેસાડી તુ શુ કરી રહ્યો છું. તું જે સોલા પોલીસ મથકમાં ફરીયાદ કરવા જાય છે તે આઈજી રેન્જના અધિકારીનો દિકરો છે. તેમની સાથે ઘણા અધિકારી છે તેમ કહી તેને ખોટો કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. જયારે ફરીયાદ પાછી લઈ લે નહી તો આ બધા ભેગા મળી તને ખોટા કેસમાં

● અનુસંધાન પાન-૭ પર




# સે-૨૮ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પાણીની સમસ્યાને ડામવા ટ્યુબવેલ તૈયાર કરાશે

ગાંધીનગર તા ૮

શહેરના દૂષિત પાણીને શુદ્ધ કરીને ઉદ્યાનો ને સપ્લાય આપવામાં આવે છે જ્યારે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કાર્યક્ષમતા પણ ચકાસવામાં આવશે પ્રદુષણ નિયંત્રણ મામલે વધુ તકેદારી દાખવવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ડ્રેનેજ વોટરના સેમ્પલની ચકાસણી હાથ ધરાશે જ્યારે સે ૨૮ જીઆઈડીસી વિસ્તારમાં ૩૦૦ મીટરના ટ્યુબવેલ આધારે પમ્પ હાઉસ તૈયાર કરવા ગતિવિધિ હાથ ધરવામાં આવી છે

શહેરમાં પાણી ગટરની યોજના અન્વયે સરકાર દ્વારા ૫૦૦ કરોડના ખર્ચે નવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે જો કે આ પ્રોજેક્ટને પૂર્ણ થતાં હજુ સમય લાગશે વરસાદી દિવસોમાં હાલ ખોદકામ ની કામગીરી બંધ છે કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડની સુચિકાને અનુલક્ષી નગરના દૂષિત પાણીને ટ્રીટ કરવા માટે કાર્યરત વિવિધ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પરથી ડ્રેનેજ વોટરની

**સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના પાણીની ચકાસણી માટે સેમ્પલ લેવાશે**

ચકાસણી માટે પણ સેમ્પલ લેવામાં આવ્યા છે આ સેમ્પલના રિપોર્ટને ધ્યાનમાં રાખી આગળ ગતિવિધિ હાથ ધરાશે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં આવતા પાણીની ચકાસણી તેમજ શુદ્ધ કરવા માટે પ્લાન્ટમાં જરૂરી સુધાર સહિતના પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર સમાચાર
જાહેર નોટીસ / કોર્ટ નોટીસ
● રૂ. ૭૫૦/- ૨ કોલમ x ૬ સે.મી. (ફિક્સ) B&W
● રૂ. ૧૩૦૦/- ૨ કોલમ x ૧૦ સે.મી. (ફિક્સ) B&W
ત્યારબાદ ઉપરના વધારાના પ્રતિ કોલમ x સે.મી.ના રૂ. ૬૫/- ચાર્જ રહેશે
જાહેરાત આપવા સંપર્ક
બ્લોકનં. ૬૮૪/૧,સેક્ટર-૮, ગાંધીનગર.
મો. 98797 97884, ફોન. : 079-2322251

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com